સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦૦૧૫
ફોન : (079) 2674 7612-36 ફેક્ષ : (079) 2674 9048
www.spipa.gujarat.gov.in

ક્રમાંક : પરક્ષ /૨૦૧૬/જાન્યુઆરીજી.ઓ./ પ.પ્ર. તા.૦૪/૧૧/૧૫

**વિષય :** સીધી ભરતીથી નિયુકત રાજયપત્રિત અધિકારીઓની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા
**તા.૦૫/૦૧/૧૬ થી તા. ૦૭/૦૧/૧૬**

## : પરિપત્ર :

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,અમદાવાદ ખાતે સીધી ભરતીથી નિયુકત રાજય પત્રિત અધિકારીઓ ની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા **તા.૦૫/૦૧/૧૬ થી તા. ૦૭/૦૧/૧૬** દરમ્યાન યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર પરીક્ષાર્થીઓ માટેના ઓળખપત્ર નો નમુનો **પરિશિષ્ટ – 'અ'** માં, પરીક્ષાનો કાર્યક્રમ **પરિશિષ્ટ – 'બ'** માં તથા નિયત નમુનામાં અરજી પત્રકનો નમૂનો **પરિશિષ્ટ –'ક'** આ સાથે સામેલ છે. **પરીક્ષાનું સ્થળ પરિશિષ્ટ –'અ'માં જણાવ્યા મુજબનું રહેશે. આમ છતાં જો તેમાં ફેરફાર થશે તો તેની જાહેરાત કરવામાં આવશે.**

સરદહુ પરીક્ષામાં બેસવા માટેની અરજી નિયત નમુનામાં સંપૂર્ણ વિગતો ભરીને સંબંધિત વિભાગ/ કચેરી મારફત **તા.૨૧/૧૨/૧૬** સુધીમાં સ્પીપાને મળી જાય તે રીતે મોકલવાની રહેશે. પરીક્ષામાં બેસવા માટેની અરજી પાછી ખેંચવાની **તા. ૨૮/૧૨/૧૬** નિયત કરવામાં આવે છે.નિયત સમય મર્યાદા બહાર મળેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.

સંબંધિત અધિકારીઓના ખાતા / કચેરીઓના વડાઓને જણાવવામાં આવે છે કે તેમની કચેરીના તાબા હેઠળના સબંધિત અધિકારીઓને પરીક્ષાના કાર્યક્રમની સમયસર જાણ કરવી તેમજ પરીક્ષાની તારીખો દરમિયાન તેઓને ફરજમુકત કરવા અને જો અધિકારીઓની બદલી થયેલ હોય તો તેમની બદલીના સ્થળે પરીક્ષાના કાર્યક્રમની સત્વરે અચૂક જાણ કરવી પરીક્ષાર્થીઓએ નિયત નમૂના (નકલ સામેલ છે) માં ફોટા સહિત હાજરીપત્રક સહ ઓળખપત્ર પરીક્ષાના દિવસે રજુ કરવાનું રહેશે.

જે પ્રશ્નપત્રના જવાબ પુસ્તક સાથે રાખીને લખવાના હોય તેમાં પરીક્ષાને લગતા સરકારી પ્રકાશનો તથા ફકત બેરટેક્ષનો જ ઉપયોગ કરવા દેવાની નોંધ પરીક્ષાર્થીઓને લેવડાવવી.

વધુમાં જણાવવાનું કે, જે અધિકારીઓએ પરીક્ષાની ત્રણ તકો પુરી કરી દીધેલ છે અને તેઓ અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિના હોય તો તેવા અધિકારીઓ માટે ચાર તક સુધી પરીક્ષા આપવાની જોગવાઈ છે. જેથી આવા કિસ્સાઓમાં ચોથી તકથી ઉપસ્થિત થવા માટે જાતિ અંગેના પ્રમાણપત્ર સાથે ખાતાના

વડા અથવા કચેરી મારફત અત્રે તુર્ત જ રજૂઆત કરવી. જેથી ઉપર્યુકત તારીખે લેવાનાર પરીક્ષામાં તેમનો સામવેશ કરી શકાય. જે અધિકારીઓને ખાસ તકથી બેસવા મંજુરી મળેલ હોય તેમણે એક સપ્તાહમાં પરીક્ષામાં બેસવા માટે ખાતાના વડા મારફત અરજીપત્રક સાથે **રૂા.૧૫૦/–** નું **ચલણ " ૦૦૭૦ – બીજી વહીવટી સેવાઓ (અ) બીજી આવક (ક) ભાષા પરીક્ષા અને બીજી ફી "** ના સદરે ભરી અત્રેની કચેરીને અચૂક રજુ કરવાનું રહેશે અને તેની સાથે સરકારશ્રીની મંજુરીના હુકમની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે.

**<u>હેતુલક્ષી પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓઃ–</u>**

(૧) પરીક્ષાનું પ્રશ્નપત્ર ૧૦૦ માર્કનું રહેશે અને પ્રશ્નો ચાર વિકલ્પો સાથેનાં હેતુલક્ષી પ્રકારના રહેશે.

(૨) પ્રશ્નોના જવાબો અલગ આપેલ ઉત્તરવહી OMR શીટમાં જ લખવાના રહેશે.

(૩) જવાબ Blue or Black BallPen થી ફકત (•) કરીને આપવાનો રહેશે.

(૪) ઉત્તરવહી પર નિયત જગ્યાએ પરીક્ષાર્થીનો બેઠક નંબર અવશ્ય લખવો.

(૫) ઉત્તરવહીની ઉપર પેપર નંબર તેમજ વિષય અવશ્ય લખવો.

(૬) આ પરીક્ષામાં નેગેટીવ માર્કિંગ ૦.૨૫ % છે.

**સૂચના :** આ પરીક્ષામાં મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ હોવાથી પરીક્ષાર્થીઓએ તેમના મોબાઈલ પરીક્ષાખંડની બહાર પોતાની જવાબદારી પર મૂકવાના રહેશે.

(એસ.એલ.અમરાણી) IAS
નાયબ મહાનિર્દેશક
સ્પીપા, અમદાવાદ

**બિડાણ : પરિશિષ્ટ– 'અ', 'બ'અને 'ક'**

**<u>નકલ રવાના :</u>**

- સંબંધિત અધિકારીઓ તરફ (સંબંધિત ખાતાના વડા મારફત)
- નાયબ નિયામકશ્રી,હિસાબ, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા,અમદાવાદ.
- ગ્રંથપાલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા,અમદાવાદ.
- સિલેકટ ફાઈલ

## પરિશિષ્ટ – 'અ'

# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ

## પરીક્ષામાં બેસનાર ઉમેદવારનું હાજરીપત્રક સહ ઓળખપત્ર

**આ હાજરીપત્રક ઓળખપત્રક જરુરી વિગતો ભરીને પરીક્ષા સમયે અચૂક સાથે લાવવું અને પરીક્ષા ખંડમાં નિરીક્ષકને સોંપવું.**

---

| | | | |
|---|---|---|---|
| ૧. | પરીક્ષા લેનાર સંસ્થા/તાલીમ કેન્દ્રનું નામ/સરનામું | : | સરદાર પટેલ લોક પ્રશાસનસંસ્થા, અમદાવાદ |
| ૨. | પરીક્ષાનું નામ તથા તારીખ | : | સીધી ભરતીથી નિયુકત રાજયપત્રિત અધિકારીઓની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા **તા.૦૫/૦૧/૧૬ થી તા.૦૭/૦૧/૧૬** |
| ૩. | પરીક્ષાનું સ્થળ | : | સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, ઈસરો સામે, ભાવનિર્ઝર નજીક, સેટેલાઈટ રોડ, અમદાવાદ–૧૫. |
| ૪. | પરીક્ષાર્થીનો બેઠક નંબર | : | |
| ૫. | પરીક્ષાર્થીનું પુરું નામ અને હોદ્દો | : | |
| ૬. | પરીક્ષાર્થીની કચેરીનું નામ / સરનામું<br>ફોન નંબર | : | |
| ૭. | પરીક્ષાર્થીના ઘરનું સરનામું<br>ફોન નંબર | : | |
| ૮. | પરીક્ષાર્થી અનુસૂચિત જાતિ, જનજાતિ ઉમેદવાર છે કે કેમ ? | : | |
| ૯. | કેટલામી તકથી આ પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે. | : | |
| ૧૦ | મુકિત મળેલ હોય તો તેની વિગત | : | |

તમારો તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો અહી ચોટાડીને તે ઉપર તમારી સહી કરવી.

કચેરીના વડાની સહી / સિકકો

# પરિશિષ્ટ – 'બ'

## સીધી ભરતીથી નિયુકત રાજયપત્રિત અધિકારીઓની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા

## તા. ૦૫/૦૧/૧૬ થી તા. ૦૭/૦૧/૧૬

## પરીક્ષાનો કાર્યક્રમ અને પરીક્ષાર્થીની હાજરીની વિગતો

| ક્રમ | તારીખ | સમય | પ્રશ્નપત્રનો વિષય | જવાબપોથી નો નંબર | ઉમેદવાર ની સહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | તા.૦૫/૦૧/૧૬ | ૧૦–૦૦ થી ૧૩–૦૦ | નોકરી લગતી બાબતો (પુસ્તક સાથે) | | |
| ૨ | તા.૦૫/૦૧/૧૬ | ૧૪–૦૦ થી ૧૭–૦૦ | નાણાંકીય બાબતો (પુસ્તકો સાથે) | | |
| ૩ | તા.૦૬/૦૧/૧૬ | ૧૦–૦૦ થી ૧૩–૦૦ | જી.સી.એસ.આર., જી.એફ.આર. (પુસ્તકો સાથે) | | |
| ૪ | તા.૦૬/૦૧/૧૬ | ૧૪–૦૦ થી ૧૭–૦૦ | ભારતનું બંધારણ, દેશની અને રાજયની પંચવર્ષીય યોજનાઓ, પંચાયતી રાજ (પુસ્તક સાથે) | | |
| ૫ | તા.૦૭/૦૧/૧૬ | ૧૦–૦૦ થી ૧૩–૦૦ | સામાન્ય વહીવટ, કચેરી કાર્યપદ્ધતિ,ભૂગોળ (અંશત : પુસ્તક સાથે) | | |
| ૬ | તા.૦૭ /૦૧/૧૬ | ૧૪–૦૦ થી ૧૭–૦૦ | ગુજરાતી ભાષા અને નોંધ–મુસદ્દા લેખન (પુસ્તક વિના) | | |

**નોધ :–** (૧) જો કોઈ પ્રશ્નપત્રમાં ઉમેદવાર ગેરહાજર રહે તો નિરીક્ષકે કોલમ–૫ માં ગેરહાજર શબ્દ લખી કોલમ–૬ માં સહી કરવી.

(૨) પરીક્ષાર્થી એક કરતાં વધુ તકથી બેસતો હોય અને અગાઉની પરીક્ષામાં મુકિત મળેલ હોય તો કયા પ્રશ્નપત્રમાં કયારે મુકિત મળી તે અત્રે જણાવવું.

| ક્રમ | મુકિત મળેલ પ્રશ્નપત્ર નંબર | પ્રશ્નપત્ર વિષય | મુકિત કયારે મળી જાહેરનામાનો નંબર |
|---|---|---|---|
| | | | |
| | | | |

તા. ૧/૧/૧૯૭૦ ના પરિપત્ર ક્રમાંક: ખતપ-૧૯૬૮/૬૯-ક થી નિયત કરેલ

પરિશિષ્ટ – ક

અરજી ફોર્મ

૨૦...... ના ...................... મહિનામાં લેવાનારી ..........................................................................................ખાતાકીય પરીક્ષામાં બેસવા અંગેની અરજી

| | | |
|---|---|---|
| ૧ | અરજદારનું પુરું નામ, (અટક પહેલાં લખવી) (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં) | |
| ૨ | હોદ્દો, (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં) | |
| ૩ | હાલમાં નોકરી કરતા હોય તે ખાતા/કચેરીનું નામ | |
| ૪ | જન્મતારીખ અને આ પરીક્ષા સમયે વય | |
| ૫ | નિમણૂંકની તારીખ અને નોકરીમાં કુલ વર્ષ (રાજયપત્રિત-બિન રાજયપત્રિત) | |
| ૬ | અગાઉની પરીક્ષામાં બેઠા છો કે કેમ? જો હા તો - | |
| | (ક) જે પરીક્ષામાં બેઠા હો તેનો મહિનો અને વર્ષ | |
| | (ખ) કંઇ મુક્તિ મેળવી છે કે કેમ? જો હા તો ગુણ પરીક્ષાનું વર્ષ અને વિષય અંગેની વિગતો જણાવો | |
| | (ગ) મેળવેલી મુક્તિનો લાભ લેવા ઇચ્છો છો કે કેમ? “હા” અથવા “ના” લખો. (અહી કરેલી પસંદગીને આખરી ગણવામાં આવશે અને તેમાં કંઇ ફેરફાર કરવાની છૂટ આપવામાં આવશે નહિ.) | |
| ૭ | જે અનુસાર પરીક્ષામાં બેસવાનું થતું હોય તે સત્તા અથવા નિયમ | |
| ૮ | જેમાં પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે તક-સંખ્યા અને સમયમર્યાદા (પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા- તારીખ અને પાત્રતા પૂરી થયાની તારીખ જણાવવી | |
| ૯ | પૂરી થયેલી પ્રયાસ સંખ્યા | |
| ૧૦ | વધારાની (ખાસ) તક અપાઇ છે કે કેમ (જે અનુસાર વધારાની (ખાસ) તક અપાઇ હોય તે હુકમ નંબર અને તારીખ નિર્દિષ્ટ કરી તેની એક નકલ મોકલવી.) | |
| ૧૧ | વય અથવા નોકરીની મર્યાદામાં છૂટછાટ મૂકતા સત્તા ધરાવતા અધિકારીઓ હુકમ નંબર અને તારીખ (હુકમની નકલ મોકલવી) | |
| ૧૨ | પરીક્ષા પાસ કરવાનો હેતુ (દા.ત. કાયમી રાખવું, સરકારી નોકરીમાં ચાલુ રહી શકવું કે બઢતી વગેરે) | |
| ૧૩ | ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં બેસવા પાત્ર છે કે કેમ? | |
| ૧૪ | શેરો, કઇ હોય તો. | |

સ્થળ : ...................................

તારીખ : ...................................

(ઉમેદવારની સહી)

પાત્રતા પ્રમાણ

“ પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપરની વિગતો અંગે ખરાઇ કરવામાં આવી છે અને તે ખરી જણાઇ છે શ્રી .......................................................................... સન ........................................... માં લેવાનારી પરીક્ષામાં બેસતા માટે પાત્ર છે. “

તારીખ :

(ખાતા/કચેરીના વડાની સહી અને હોદ્દો)